ભારતના 7% GDP ગ્રોથનો હવાલો આપી ટ્રમ્પની યુએસ ફેડ પર ટીકા

ભારતમાં મધ્યસ્થ બેંકના વ્યાજદરો નીચા છે તેથી તેનો વિકાસ દર ૭ ટકા છે, અમેરિકામાં પણ વ્યાજદરો નીચા હોય તો ૧૫-૨૦ ટકાના દરે વિકાસ કરી શકે

અમેરિકી ફેડરલ રિઝર્વ પર રાજકારણ રમવાનો આક્ષેપ: જો કે અમેરિકાના ફેડના વ્યાજ દર ભારત કરતા દોઢ ટકા નીચા છે

વોશિંગ્ટન ડીસી, તા.૨૧: ભારતના ૭ ટકા જીડીપી વૃદ્ધિ દર અને તેની મધ્યસ્થ બેંકના નીચા વ્યાજ દરોનો હવાલો આપતા, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઉધાર લેવાના ખર્ચ ઊંચા રાખવા બદલ અમેરિકન મધ્યસ્થ બેંકની ટીકા કરી હતી અને દલીલ કરી હતી કે જો વ્યાજ દરો ઘટાડવામાં આવે તો અમેરિકાનું અર્થતંત્ર ૧૫ થી ૨૦ ટકા વૃદ્ધિ હાંસલ કરી શકે છે.

વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વ પર "ખૂબ જ રાજકીય" હોવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે જ્યારે પણ અમેરિકાએ મજબૂત આર્થિક આંકડા જાહેર કર્યા, ત્યારે તેણે વધુ આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે વ્યાજ દરો ઘટાડવાને બદલે વધારી દીધા હતા.

"વ્યાજ દરો ખૂબ ઊંચા છે કારણ કે આપણી પાસે ખૂબ જ રાજકીય ફેડ છે. હું ચેરમેનને દોષ નથી આપી રહ્યો, પરંતુ હકીકત એ છે કે આપણી પાસે ખૂબ જ રાજકીય પ્રકારનું ફેડ છે. જ્યારે પણ આપણે સારા આંકડા જાહેર કરીએ છીએ, ત્યારે તેઓ વ્યાજ દરો વધારી દે છે. તેઓ કોઈ કારણસર આવું કરે છે. તેનાથી વિપરીત હોવું જોઈએ," એમ ટ્રમ્પે જણાવ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે મજબૂત આર્થિક પ્રદર્શનને કારણે અમેરિકાએ વ્યાજ દરો ઘટાડવા જોઈએ, કારણ કે સારા નાણાકીય આંકડાઓ સુધરેલી શાખપાત્રતા દર્શાવે છે. જોકે, તેમણે આક્ષેપ કર્યો હતો કે ફેડરલ રિઝર્વ આનાથી વિરુદ્ધ અભિગમ અપનાવી રહ્યું છે, જેનાથી દેશની આર્થિક ક્ષમતા મર્યાદિત થઈ રહી છે. ભારત સાથે સરખામણી કરતાં, ટ્રમ્પે દેશના નીચા વ્યાજ દરો અને 7 ટકા GDP વૃદ્ધિ તરફ ધ્યાન દોર્યું, અને સૂચવ્યું કે જો અમેરિકા પણ આવો જ અભિગમ અપનાવે તો તે નોંધપાત્ર રીતે વધુ વૃદ્ધિ હાંસલ કરી શકે છે. જો કે ભારતમાં આરબીઆઇનો રેપો રેટ ૫.૫૦ ટકા છે જે અમેરિકાના ૪ ટકાના દર કરતા દોઢ ટકા જેટલો વધારે છે.

મેક્સિકોએ ખૂંખાર કાર્ટેલ બોસ અલ-ચાપો ઇસિડ્રોની ધરપકડ કરી

અમેરિકાની બાતમીના આધારે સિનાલોઆ રાજ્યના ગુઆસાવે શહેરમાં ખાસ લશ્કરી અભિયાન દ્વારા ધરપકડ કરાઇ

આ ધરપકડ પછી હિંસા અને તોફાનના દ્રશ્યો સર્જાયા, સિનાલોઆમાં લશ્કર ગોઠવાયું



મેક્સિકો સિટી, તા. ૨૧: મેક્સિકોના સત્તાવાળાઓએ રાતોરાત મેક્સિકન રાજ્ય સિનાલોઆમાં "અલ ચાપો ઇસિડ્રો" તરીકે ઓળખાતા ટોચના કાર્ટેલ બોસ ફૌસ્ટો ઇસિડ્રો મેઝા ફ્લોરેસની ધરપકડ કરી છે. આ ધરપકડ પછી તેની કાર્ટેલના ટેકેદારોએ તોફાન અને હિંસાનો પણ આશરો લીધો હતો અને ધરપકડ તથા તેના પછીના સંજોગોના નાટકીય દ્રશ્યોના વીડિયો બહાર આવ્યા હતા.

મેક્સિકન સરકારે શનિવારે વહેલી સવારે એક અહેવાલમાં જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રની ગુપ્ત માહિતીથી સત્તાવાળાઓને તેને પકડવામાં મદદ મળી હતી, પરંતુ બંને દેશોએ કેવી રીતે સંકલન સાધ્યું તે અંગે બહુ ઓછી વિગતો આપી હતી. મેઝા ફ્લોરેસ FBIના ૧૦ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓમાંનો એક હતો અને "બેલ્ટ્રાન લેવા" ગુનાહિત સંગઠનનો ટોચનો કાર્ટેલ નેતા હતો. અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી કરવા અને ગેરકાયદેસર રીતે હથિયારો રાખવા બદલ તે વોન્ટેડ હતો.

સિનાલોઆના ગુઆસાવે શહેરમાંથી સામે આવેલા વીડિયો અને ફોટામાં-જ્યાંથી મેઝા ફ્લોરેસની ધરપકડ કરવામાં આવી હતી-ચિચિયારીઓ પાડતા નાગરિકો, બેઝબોલની રમત દરમિયાન ગોળીબારથી બચવા ભાગતા લોકો, સળગતી કાર અને ગેસ સ્ટેશનો, તેમજ નીચે ઘર પર ગોળીબાર કરતા ચક્કર લગાવતા લશ્કરના હેલિકોપ્ટર જોવા મળે છે. પોતાના નેતાઓની ધરપકડ અથવા હત્યા બાદ કાર્ટેલો દ્વારા આ પ્રકારનું શક્તિ પ્રદર્શન મેક્સિકોમાં સામાન્ય બાબત છે. મેક્સિકન સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેને પકડવા માટે તેઓએ "ગુપ્તતા અને આશ્ચર્ય"ની રણનીતિનો ઉપયોગ કર્યો હતો અને તે જે ઇમારતમાં હતો તેની આસપાસ સુરક્ષા ઘેરો બનાવ્યો હતો.

ઈરાને હોર્મુઝમાં ત્રણ ટેન્કરો પર હુમલા કર્યા

નવા મિસાઇલ લોન્ચરો પ્રદર્શિત કર્યા

અમેરિકાને આઇઆરજીસીની નવા આશ્ચર્યજનક શસ્ત્રોની ધમકી

દુબઈ, તા. ૨૧: ઈરાને એક ભૂગર્ભ સુવિધા ખાતે નવા મિસાઈલ લોન્ચરનું અનાવરણ કર્યું છે અને દાવો કર્યો છે કે જો અમેરિકા અને ઈઝરાયેલ સાથેનું યુદ્ધ ફરીથી વેગ પકડે, તો હુમલો કરવાની તેની ક્ષમતા હજુ પણ અકબંધ છે.

ઈરાની અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ'(IRGC) દ્વારા એક નવા લોન્ચરનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ આ લોન્ચર લિક્વિડ-ફ્યુઅલ ધરાવતી બે મિસાઈલો છોડવા માટે સક્ષમ છે. આ લોન્ચર ઈરાન દ્વારા અગાઉ ઉપયોગમાં લેવાતા ડ્યુઅલ લોન્ચર કરતાં વધુ આધુનિક જણાય છે, જે એક સમયે સોલિડ-ફ્યુઅલ ધરાવતી બે મિસાઈલો છોડતું હતું. પ્રવાહી ઈંધણ વધુ કાર્યક્ષમ હોય છે અને તે ઓપરેટરોને મિસાઈલની ગતિ અને તેના માર્ગમાં ફેરફાર કરવાની થોડી ક્ષમતા આપે છે. આઇઆરજીસીના વડાએ ભૂગર્ભ મિસાઈલ સિટીની મુલાકાત લીધી હતી અને અમેરિકા તથા તેના સાથી દેશોને ધમકી આપતા કહ્યું હતું કે આ માત્ર શરૂઆત છે.

આ મિસાઈલ મથકનું સ્થાન જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ યુદ્ધ ફરીથી તીવ્ર બનવાની આશંકાઓ વચ્ચે વોશિંગ્ટનના એવા દાવાઓને ફગાવી દેવા અને ઈરાનની મિસાઈલ ક્ષમતાનું પ્રદર્શન કરવાના હેતુથી આ પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં અમેરિકાએ ઈરાનનો મિસાઈલ કાર્યક્રમ નષ્ટ કરી દીધો હોવાનું કહ્યું હતું. લોન્ચરના અનાવરણ દરમિયાન ગાર્ડના એરોસ્પેસ ફોર્સના કમાન્ડર બ્રિગેડિયર જનરલ સૈયદ મજ્દે જણાવ્યું હતું કે ઈરાનની "ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો છે." તેમણે ઉમેર્યું હતું કે, "અમે અમારા લડાયક માળખામાં 'આશ્ચર્યજનક' અને અત્યંત અસરકારક શસ્ત્રોનો સમાવેશ કર્યો છે." બીજી તરફ, ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ શનિવારે જણાવ્યું હતું કે ડિપ્લોમસીને વધુ એક તક આપી શકાય કે કેમ તે ચકાસવા માટે શુક્રવારે ઈરાનની મુલાકાતે આવેલા કતારના મધ્યસ્થીઓ સાથે તેહરાન સતત સંપર્કમાં છે. શનિવારે હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માં અથવા તેની નજીક ઓછામાં ઓછા ત્રણ ઓઈલ ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ પરથી પસાર થતા જહાજો પર ઈરાન દ્વારા કરાયેલા આ તાજા હુમલા હોવાનું જણાય છે. જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

પેજ 3

અનિરુદ્ધ-કાવ્યાના રિસેપ્શનમાં સીએમ વિજય અને સ્ટાલિન સહિતના મહાનુભાવો પહોંચ્યા



ચેન્નાઈ, તા. 21: સંગીતકાર અને ગાયક અનિરુદ્ધ રવિચંદર અને સનરાઇઝર્સ હૈદરાબાદ સહ-માલિક/સીઈઓ કાવ્યા મારન આજે (21 નવેમ્બર, 2026) ચેન્નાઈની આઈટીસી ગ્રાન્ડ ચોલા ખાતે તેમના લગ્નનું રિસેપ્શન યોજી રહ્યા છે. આ રિસેપ્શન પહેલાં 11 નવેમ્બરના રોજ ગ્રીસમાં તેમનાં લગ્ન થયાં હતાં. પ્રી-વેડિંગ ઉજવણી 10 નવેમ્બરથી શરૂ થઈ હતી. સાંજના આ સમારોહ પહેલાં અભિનેતા દંપતી સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી તેમજ ક્રિકેટ જગતના દિગ્ગજો કેન વિલિયમસન, ડેનિયલ વેટોરી અને ડેલ સ્ટેન તેમના પરિવાર સાથે ચેન્નાઈ પહોંચ્યા હતા. રિસેપ્શન પહેલાં 36 વર્ષીય અનિરુદ્ધે 34 વર્ષીય કાવ્યા સાથેની ઉજવણીની તાજી તસવીરો ઇન્સ્ટાગ્રામ પર શેર કરી હતી, જેમાં રજનીકાંત, એમ.કે. સ્ટાલિન અને કાવ્યાના પિતા (સન ટીવી નેટવર્કના ચેરમેન) કલાનિધિ મારન સાથેની ખાસ ક્ષણો જોવા મળી હતી.

'રામાયણ' ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા VHPની સરકારને વિનંતી

14 વર્ષના વનવાસના મૂળ હેતુને બદલ્યાનો અને રાવણના મહિમામંડનનો આરોપ



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ): વીએચપીએ શનિવારે જણાવ્યું હતું કે, તે 'રામાયણ' ફિલ્મના પ્રદર્શન પર પ્રતિબંધ મૂકવા માટે સરકારને વિનંતી કરશે. સંગઠને આરોપ લગાવ્યો છે કે, આ ફિલ્મમાં મહાકાવ્યની ઘટનાઓને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી છે, મનઘડંત પ્રસંગો ઉમેરવામાં આવ્યા છે અને હિન્દુઓની ધાર્મિક માન્યતાઓ પર પ્રહાર કરવામાં આવ્યો છે. આરએસએસ સાથે સંકળાયેલું આ સંગઠન સિનેમેટોગ્રાફ એક્ટ હેઠળ ફિલ્મના સેન્સર સર્ટિફિકેટને પડકારવું કે કેમ તે અંગે પણ વિચારણા કરી રહ્યું છે. વીએચપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે જણાવ્યું હતું કે, આ ફિલ્મ માત્ર નાટકીય તત્ત્વો ઉમેરવાનો પ્રયાસ નથી, પરંતુ રામાયણના પાયામાં રહેલા મૂલ્યો પરનો હુમલો છે. કુમારે કહ્યું, "અમે તાજેતરમાં 'રામાયણ' શીર્ષક હેઠળ રિલીઝ થયેલી ફિલ્મ જોઈ અને તેની સમીક્ષા કરી છે અને અમને તેના પર વાંધો છે. તેમાં ઘટનાઓને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી છે અને મનઘડંત પ્રસંગો ઉમેરવામાં આવ્યા છે." કુમારે ફિલ્મ-નિર્માતાઓ પર સમાજના દલિત અને શોષિત લોકોના તારણહાર તરીકે દર્શાવીને રાવણનું મહિમામંડન કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

ફાળકે એવોર્ડ્સ 2026માં 'ધુરંધર'ને 6 એવોર્ડ્સ, ટેલર સ્વિફ્ટનું ખાસ સન્માન



મુંબઈ, તા. 21: આ વખતે બોલિવૂડની ઘણી મોટી હસ્તીઓએ દાદાસાહેબ ફાળકે એવોર્ડ્સ 2026માં પોતાના નામનો ડંકો વગાડ્યો છે. આ એવોર્ડ ફંક્શનમાં રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'નો જબરદસ્ત જલવો જોવા મળ્યો, જેણે કુલ 6 એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે. બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એક્ટર સહિત 6 એવોર્ડ્સ આ ફિલ્મે પોતાના નામે કર્યા છે. 20 નવેમ્બર 2026ના રોજ મુંબઈમાં આ એવોર્ડ સેરેમની યોજાઈ હતી. દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ પેજ પર વર્ષ 2026ની વિનર લિસ્ટ શેર કરી દેવામાં આવી છે. 'ધુરંધર' ઉપરાંત શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનથી લઈને કોમેડિયન સમય રૈના સુધીના ઘણા સ્ટાર્સને તેમના કામ માટે સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ટેલર સ્વિફ્ટને આ વખતે ખાસ સન્માન મળવાનું છે.

પંચકુલામાં CGST અધિકારીના ઘરેથી CBIએ 1.86 કરોડ જપ્ત કર્યા

સીજીએસટીના સુપરિન્ટેન્ડેન્ટ રૂ. 10 લાખની લાંચ લેતાં રંગેહાથ પકડાયા બાદ કાર્યવાહી



પંચકુલા, તા. 21: સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ હરિયાણાના પંચકુલામાં આ સપ્તાહની શરૂઆતમાં ધરપકડ કરાયેલા કર અધિકારીના નિવાસસ્થાનેથી કુલ 1.86 કરોડ રૂપિયાની રોકડ અને કિંમતી ધાતુઓ જપ્ત કરી છે. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (સીજીએસટી)ના સુપરિન્ટેન્ડેન્ટ લવકુશ કુમારની ગુરુવાર, 19 નવેમ્બરના રોજ 10 લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડાયા બાદ ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવાર, 20 નવેમ્બરના રોજ તેમના ઘરે પાડવામાં આવેલા દરોડા દરમિયાન સીબીઆઈએ અનુક્રમે 24.29 લાખ રૂપિયાની ભારતીય અને 15.65 લાખ રૂપિયાની વિદેશી ચલણી નોટો જપ્ત કરી છે. આ ઉપરાંત, આશરે 1.46 કરોડ રૂપિયાની સંયુક્ત કિંમત ધરાવતા સોના અને ચાંદીના બિસ્કિટ (બુલિયન) તથા દાગીના સહિતની કિંમતી વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી હતી.



કેનેડાના ઓન્ટારિયોમાં લેવામાં આવેલી આ તસવીરમાં, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ શિયાળુ આતશબાજીના પ્રદર્શન દરમિયાન ફટાકડાની રોશનીથી નાયગ્રા ધોધ ઝળહળી ઉઠેલો જોઇ શકાય છે.

અમેરિકાની કોર્ટે ડોવલ, ગોયલને નવેસરથી સમન્સ મોકલ્યા

એનએસએ અજીત ડોવલ અને રોના ભૂતપૂર્વ વડા સામંત ગોયલને અમેરિકી કોર્ટમાં હાજર થવાનું તેડું

શીખ અલગતાવાદી પન્નુનના કેસમાં અગાઉ સમન્સ મોકલ્યા હતા જેની બજવણી ભારત સરકારે નહીં કરતા હવે દિલ્હીની અદાલતોના માધ્યમથી સમન્સની બજવણી કરાવવાનો પ્રયાસ

વોશિંગ્ટન, તા. ૨૧(પીટીઆઈ): ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુન સાથે સંકળાયેલા એક કેસમાં અમેરિકાની એક અદાલતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(RAW)ના ભૂતપૂર્વ ડિરેક્ટર સામંત ગોયલને સમન્સ મોકલ્યા છે.

પન્નુન વિવિધ આતંકવાદી આરોપો હેઠળ ભારતીય તપાસ એજન્સીઓ માટે વોન્ટેડ છે. સધર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ ન્યૂયોર્કના ક્લાર્ક જણાવ્યું હતું કે આ સમન્સ શુક્રવારે ફેડએક્સ મારફતે નવી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ, તીસ હજારી કોર્ટ અને દ્વારકા ડિસ્ટ્રિક્ટ કોર્ટને મોકલવામાં આવ્યા હતા. ૧૩ નવેમ્બરના રોજ, સધર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ ન્યૂયોર્કે હેગ કન્વેન્શનનો હવાલો આપીને ડોભાલ અને ગોયલને સમન્સ જારી કરવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ કેથરિન પોલ્ક ફૈલા દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું હતું કે, અદાલત આ કોર્ટ સમક્ષ પડતર આ દીવાની દાવામાં પ્રતિવાદીઓ પર કાનૂની પ્રક્રિયાની બજવણી કરવા માટે ભારતીય અદાલતોની સહાયની આદરપૂર્વક વિનંતી કરે છે.

ન્યાયાધીશ ફૈલાએ હેગ કન્વેન્શન અને ભારતીય સિવિલ પ્રોસિજર કોડની સંબંધિત કલમોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે વિદેશી અદાલતો ભારતીય અદાલતોના માધ્યમથી ડોભાલ અને ગોયલને સમન્સ બજાવી શકે છે. ભારતીય સિવિલ પ્રોસિજર કોડ ભારતની કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચના દ્વારા નિયુક્ત કરાયેલી વિદેશી સિવિલ કોર્ટ દ્વારા જારી કરાયેલા સમન્સને ભારતીય અદાલતોમાં મોકલવાની અને તે અદાલતો દ્વારા જ જારી કરાયા હોય તે રીતે તેની બજવણી કરવાની પરવાનગી આપે છે.

કેનેડામાં વોલમાર્ટ બહાર ગોળીબાર, ભારતીય મૂળના 2 યુવાનોની હત્યા

ઓટાવા, તા. 21 (પીટીઆઈ): કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં એક વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા જીવલેણ ગોળીબારમાં ભારતીય મૂળની બે વ્યક્તિઓની હત્યા કરવામાં આવી છે. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, આ ઘટના પૂર્વઆયોજિત (ટાર્ગેટેડ) હોવાનું અને સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલી હોવાનું માનવામાં આવે છે. સીબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, ઇન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ (આઈએચઆઈટી)એ જણાવ્યું હતું કે, 15 નવેમ્બરની રાત્રે વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા ગોળીબારમાં 23 વર્ષીય ગગનપ્રીત (ગેરી) રેહલ અને 24 વર્ષીય સુખજીત કૌરનો ભોગ લેવાયો હતો. બંનેનાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યાં હતાં. બંને મૃતકો પડોશી ટાઉનશિપ ડેલ્ટામાં રહેતા હતા. રેહલ હથિયારો સંબંધિત ગુનાઓ બદલ પોલીસ ચોપડે જાણીતો હતો, જ્યારે કૌરના કેનેડામાં મર્યાદિત પરિચિતો હતા. પોલીસને શંકા છે કે રાત્રે 10.51 વાગ્યે નજીકમાં કારમાં આગ લાગવાની નોંધાયેલી ઘટના આ ગોળીબાર સાથે જોડાયેલી છે. સળગી ગયેલું આ વાહન શંકાસ્પદ આરોપીઓનું હોવાનું માનવામાં આવે છે.

અમેરિકાના સંવેદનશીલ ક્રાઈમ ડેટાબેઝ પર ફરીથી હેકર હુમલો

દેશના અપરાધીઓ અંગેની માહિતીના સંગ્રહ પર થોડા જ દિવસોમાં બીજો હુમલો થયો

ડેટા સાથે કોઇ ચેડાં થયા છે કે કેમ? તેની એફબીઆઇએ તપાસ શરૂ કરી

વૉશિંગ્ટન, તા. ૨૧: ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(FBI)એ એક સંવેદનશીલ ક્રાઇમ ડેટાબેઝને નિશાન બનાવીને કરાયેલા બીજા હેકર હુમલાની તાત્કાલિક તપાસ શરૂ કરી છે.

તપાસથી વાકેફ બે લોકોએ CNNને જણાવ્યું હતું કે, આ દેખીતી રીતે મોટા સુરક્ષા ભંગને કારણે નેશનલ ક્રાઇમ ઈન્ફર્મેશન સેન્ટર(NCIC) જોખમમાં મુકાયું છે. NCIC વોરંટ અને બેકગ્રાઉન્ડ ચેક અંગેની માહિતીની આપ-લે દ્વારા ફેડરલ, રાજ્ય અને સ્થાનિક કાયદા અમલીકરણ એજન્સીઓને જોડે છે. FBIના એક ભૂતપૂર્વ અધિકારીએ CNNને જણાવ્યું હતું કે: દરરોજ દેશભરના અધિકારીઓ વોન્ટેડ ભાગેડુઓની ઓળખ કરવા, બાકી રહેલા વોરંટ તપાસવા અને અધિકારીઓ તથા જાહેર સુરક્ષા પર સીધી અસર કરી શકે તેવી માહિતી મેળવવા માટે NCIC પર આધાર રાખે છે. "મારી ચિંતા માત્ર એ નથી કે હેકર્સે સંવેદનશીલ માહિતી સુધી પહોંચ મેળવી છે કે કેમ, જોકે તે એક ગંભીર મુદ્દો છે, પરંતુ વધુ ગંભીર એ છે કે શું તેઓ અધિકારીઓ જે માહિતી પર આધાર રાખે છે તેની ચોકસાઈ સાથે ચેડાં કરી શકે છે કે કેમ."

આ મહત્વપૂર્ણ ડેટાબેઝ પર થયેલો સાયબર હુમલો પાવર આઉટેજ, ટેકનિકલ સમસ્યાઓ અને મોટા વિક્ષેપોના સમાચારો બાદ સામે આવ્યો છે, જેણે દેશની સૌથી વિશ્વસનીય સંસ્થાઓને હચમચાવી દીધી છે અને અમેરિકા પર સુનિયોજિત હુમલાની આશંકાથી જનતાને ચિંતામાં મૂકી દીધી છે. લગભગ એક અઠવાડિયા પહેલા માઈક્રોસોફ્ટ આઉટલુક લગભગ આખો દિવસ બંધ રહેવાથી જે શરૂ થયું હતું, તે બીજા દિવસે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન(FAA) દ્વારા રાષ્ટ્રીય ગ્રાઉન્ડ સ્ટોપની જાહેરાત સાથે ચાલુ રહ્યું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેકસ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (13148)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. MO. 9316100413 (13338)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (13316)

મધપૂડો કાઢવા
ઘરમાં/બિલ્ડિંગમાં મધમાખીનો મધપૂડો કાઢવા અને તેમાંથી ૧૦૦% શુદ્ધ મધ મેળવવા સંપર્ક કરોઃ ૯૬૦૧૭૩૨૪૪૫, ૯૬૬૪૯૧૬૬૪૮

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સારંગપુર, વીરપુર
સોમનાથ, દીવ દ્વારકા 3- દિવસ. સફેદ રણ કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ. 3- દિવસ. ઉજ્જૈન, ઓમકારેશ્વર 2- દિવસ. 27 નવેમ્બર. 11- ડિસેમ્બર. મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા 3 દિવસ 17 ડિસેમ્બર 5000/- જયેશ ભટ્ટ. અડાજણ. 9909888622 (13336)

આશાપુરી 23/ 11,
30/ 11. જગ્નાથપૂરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/ 12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/ 12. 9426741783. (13341)

મિલ્કત ભાડેથી

વેસુમા
જલારામ મંદિર પાસે 3 BHK ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો છે. 9374535403 (415)

દી સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.
બેંકની શાખાઓ માટે કોમ્પ્યુટર હાર્ડવેર લેવા બાબત
બેંકની Website: www.sudico.bank.in ઉપર ટેન્ડર હેડ અન્વયેની વિગતે બેંકની શાખાઓ માટે કોમ્પ્યુટર હાર્ડવેર માટેના ભાવ મંગાવવામાં આવે છે.
તા.૨૨/૧૧/૨૦૨૬
મેનેજીંગ ડિરેક્ટર

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફ્લેટ B- 2, 704 આસ્થા એપાર્ટમેન્ટ સુડા આવાસ ની સામે વેસુ, સુરત. જેનુ ક્ષેત્રફળ ૧૧૭૦ ચો. ફુટ યાને ૧૦૮.૭૪ ચો. મીટર છે. સંપર્કઃ 9825666544 (13094)

વીલા વેચવાનુ છે
ફુલ્લી ગાર્ડન સાથે Lotus Pond, સાતેમ ગામ, ખડસુપા બોર્ડિંગ ને. હા. 8, નવસારી. Mo. 9327607547 (13149)

Free Hold Plot/
બંગલો વેચવાનો પાર્લે સિટિલાઈટ ઘોડદોડ વેસુ ભટાર ડુમસ પિપલોદ 9227904488 (414)

2 BHK ફ્લેટ
વેચવાનો છે જય અંબે રોડ અડાજણમાં હવા ઉજાસવાળો ફર્નિચર સાથે, ફોન નંબર. ૯૮૯૮૭૫૭૮૪૬ (13337)

G.I.D.C. હાલોલમાં પ્લોટ વેચવાનો છે
1500 ચોરસમીટર JCB કંપનીની સામે, હાલોલ.
MO. NO. 99793 77444

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ- મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્કઃ 9726009242 (11502)

વેસુમાં વ્યાજબી ભાવે
3 BHK ફ્લેટ વેચવાનો છે. સંપર્કઃ 9925498597 (13340)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. 9687580001 (13359)

2.15 વિઘા
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ (સુરત) 9687580001 (13360)

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270/300 વાર Mo. 9687580001 (13361)

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001 (13362)

ખેતી લાયક
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ (ભરૂચ) Mo. 9687580001 (13363)

પ્લોટ જોઈએ છે
ઘોડદોડ રોડ અને પીપલોદ વિસ્તારમાં 150 વાર સુધીમાં જગ્યા અથવા જુનો બંગલો પણ ચાલશે.
દલાલ આવકાર્ય
98250 90141

મિલ્કત ભાડે -વેચાણ

વેચવાની છે/ ભાડે
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્કઃ કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩ (13317)

નાની ઓફિસ ભાડેથી
વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838 (13339)

નોકરી વિષયક

કોમ્પ્યુટર પ્રોસેસ &
માર્કેટિંગ સેલ્સ માટે અનુભવી છોકરાઓ જોઈએ 15,000 થી